PG CL
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/કવા–૦૧/૧૭–૧૮/ 3८9४ તા. 05/04/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
અજયભાઈ વિરમભાઈ રાજશાખા,
પ્લોટ નં.–૩૬૨,
જી.આઈ.ડી.સી. હાઉસ,,
ઉદ્યોગનગર
પોરબંદર
મો: ૯૪૨૭૩ ૮૬૪૨૦

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૩/કવા–૦૧/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી ,પોરબંદર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી , પોરબંદર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ઉદ્યોગ નગર– પેટા વિભાગીય કચેરી, પોરબંદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

[NO: 06 (A)]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૧૩/કવા-૦૧/૧૭-૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫-૦૫-૧૭ | સ્થળ : જુનાગઢ |

**પક્ષકાર નં.:-(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: અજયભાઈ વિરમભાઈ રાજશાખા, ગામ: જુનાગઢ**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: -(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ઉર્દ્યોગ નગર- પેટા વિભાગીય કચેરી, પોરબંદર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી , પોરબંદર)**

**રજુઆત કરનાર :એચ.આર.લાખાણી (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી , પોરબંદર)**

---

## : હુકમ :

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.-૧ : પક્ષકાર નં. -(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૫૯૦૪/૦૩૭૫૯/૭ મા, પીજીવીસીએલ તરફથી છેલ્લા ઘણા સમય થી, ''પ્રતિ બે માસ'' ની ગણતરીએ બીલીગ કરવામા આવે છે. વીજકંપની નો '' બીલીગ ટેરીફ'' પ્રતિ બે માસ ને બદલે, પ્રતિ માસ મુજબ ની ગણતરીએ નિયત કરાયેલ છે. આવા કારણોસર ની ગણતરીએ, તેઓ શ્રી ને, ઘણુ જ આર્થિક નુકશાન થાય છે. એટલેકે (૧) પ્રતિ બીલ લગભગ બે ગણી રકમ નુ થાય છે. (૨) તદ ઉપરાંત, મીટર ચાર્જ, ફીકસ ચાર્જ, ફયુલ ચાર્જ, પરચુરણ ચાર્જ, વિલંબીત ચાર્જ પણ લગભગ બે ગણી રકમ ના થાય છે. આમ, દ્રીમાસીક બીલીગ ના કારણોસર, વધુ આર્થિક નુકશાન થાય છે. જેથી, '' પ્રતિ દ્રીમાસીક બીલીગ ને બદલે પ્રતિ માસ બીલીગ કરવાની'' બાબત, ગ્રાહકો માટે ન્યાયિક રીતે જરૂરી અને વ્યાજબી છે. તદ ઉપરાંત, બીલ નુ નિયમીતપણુ પણ યોગ્ય નથી. તદ ઉપરાંત, ઓન લાઈન બીલીગ માટે રૂ.૧૦/- નો ચાર્જ પણ વસુલ થાય છે, તે બાબત, ગેરવ્યાજબી છે. અને બીલ ની રકમ સમયે વધુ વસુલ કરાયેલ રકમ, ત્યારબાદ ના બીલ મા જમા આવતી નથી, તેમજ સરભર થતી નથી. આમ, બીલીગ બાબતે, વીજ કંપની એ ગ્રાહકલક્ષી વલણ રાખી અને, વીજ બીલીગ સીસ્ટમ, સુગમ – સરળ અને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી રાખવી જરૂરી છે. તે ગણતરીએ બીલ મા અગાઉ વધુ વસુલ થયેલ રકમ, તેમજ ઓન લાઈન ચુકવણા ની રકમ રૂ.૧૦/- , તદ ઉપરાંત, દ્રીમાસીક અને પ્રતિ માસીક બીલીગ ની તફાવતીય રકમ, જે રીફંડ આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.-૨ : પક્ષકાર નં. -(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની ઉપરોકત મુદદા નં: ૧.૧ મુજબ ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ ની શહેર વિભાગીય કચેરી ખાતે, અરજદાર શ્રી ને, તા.૨૪-૦૪-૧૭ ના રોજ કચેરી મા રૂબરૂ બોલાવી અને, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા ,નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની, રાજય મા કાર્યરત એવી વીજકંપની ઓ માટે નિયત કરાયેલ એવી બીલીગ પ્રણાલીઓ, જે વીજકંપની થકી નથી, પરંતુ, જીઈઆરસી પ્રારીત છે. જેથી, જીઈઆરસી દ્વારા નિયત કરાયેલ બીલીગ પ્રણાલીઓમા, વીજકંપની દ્વારા કોઈ ફેરફાર કરવાની બાબત, જે વીજકંપની ના કાર્યક્ષેત્ર મા સમાવિષ્ટ નથી. પરંતુ, જીઈઆરસી દ્વારા, સમયાંતરે, સદર બીલીગ પ્રણાલી મા ફેરફારો કરવામા આવે છે. આમ, હાલ ના તબબકે, જે બીલીગ પ્રણાલી હૈયાત છે, તે પીજીવીસીએલ માટે, જીઈઆરસી ના આદેશાત્મક બાબતો ને આનુષાંગીક છે. વીજબીલ ના ઓન લાઈન ચુકવણા સમયે, વધુ વસુલ થતી રૂ.૧૦/- ની રકમ ની બાબત પણ નિતિ વિષયક છે. જેથી, સદર રકમ રીફંડ આપવાની બાબત, અત્રે તરફથી નિર્ણીત થઈ શકે તેમ નથી. વિશેષ મા, '' પ્રવર્તમાન સમયે, જે દ્રીમાસીક |

| | |
|---|---|
| | ધોરણે ના બીલીગ ચાર્જ ની રકમ ની ગણતરી ના દરેક ટેબલ, જે પ્રતિ માસ ની ગણતરી એ જ થાય છે. અને તે ટેબલ પણ પ્રતિ બીલ ની પાછળ સુવ્યવસ્થિત પણે વર્ણવેલ છે. આમ, બીલીગ ના મહદઅંશે ના ચાર્જની ગણતરી દ્રીમાસીક ના ધોરણે નહી, પણ પ્રતિ માસ ના ધોરણ હેઠળ ની ગણતરી એ કરવામા આવે છે.'' ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ ની સક્ષમ કક્ષાએથી, સદર નિયમાધીન બાબતોની સમજણ અપાયેલ હતી. જે તેઓ શ્રી એ, હકારાત્મક દ્રષ્ટીએ માન્ય રાખેલ છે, અને સંમંત થયેલ છે. જેથી, હવે અરજદાર શ્રી ને સદર બાબતે, પીજીવીસીએલ સામે કોઈ પ્રશ્ન રહેતો ન હોવા બાબતે, અરજદાર શ્રી એ તા.૨૪–૦૪–૧૭ ના રોજ, તેઓ શ્રી ની લેખીત સહી સાથે ના સંમંતીપત્રક પીજીવીસીએલ મા રજુ કરી આપેલ છે. અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, અરજદાર શ્રી એ, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, ખાસ કરીને બીલીગ પ્રણાલી અન્વયે ની, વીજકંપનીની સ્પષ્ટતાજનક બાબતો સંતોષજનક રીતે માન્ય રાખેલ છે. જેથી, હવે અરજદાર શ્રી ને હવે સદર બાબતે, પીજીવીસીએલ સામે કોઈ પ્રશ્ન રહેતો ન હોવા બાબતે, અરજદાર શ્રી એ તા.૨૪–૦૪–૧૭ ના રોજ, તેઓ શ્રી ની લેખીત સહી સાથે ના સંમંતીપત્રક પીજીવીસીએલ મા રજુ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ , અરજદાર શ્રી ના તા.૨૪–૦૪–૧૭ ના રોજ ના લેખીત સંમંતીપત્ર હેઠળ,પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત** અપીલ અરજી કરી શકાય છે. અપીલ **અરજી જો નાણાંકીય** બાબત સબંધક **હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં** વાંધા સાથે ભરપાઈ કરાયેલ **હોવાનો ઉલ્લેખ** અપીલ અરજીમાં થવો જરૂરી છે.